# બજારોમાં જન્માષ્ટમીની તડામાર તૈયારીઓ

## રાધા-કૃષ્ણ ભગવાનની સુંદર નાની-મોટી મૂર્તિઓનું વેચાણ શરૂ : બજારમાં ખરીદીનો માહોલ જામ્યો



ગાંધીનગર, તા. ૧૭

આગામી ૧૯મીએ યોજાનાર જન્માષ્ટમીના મેળાની આડે હવે માંડ ૭૨ કલાક જેટલો સમય બાકી છે ત્યારે શહેરીજનો મેળાની પરંપરાગત ઉજવણીની તૈયારીમાં વ્યસ્ત બન્યા છે. નગરના ઘણા વસાહતીઓ દ્વારા કૃષ્ણ જન્મોત્સવને પણ ઘરે પારણું બાંધીને ઉજવતા હોય છે. આ કૃષ્ણ જન્મોત્સવની ઉજવણી માટે પાયણુ અને મૂર્તિઓની ખરીદીમાં નગરવાસીઓ વ્યસ્ત બન્યા છે. પાયણુ પણ શણગારવાની એક કળા હોય છે. અને તે માટે ખાસ ફૂલોની શેરથી સજાવવામાં આવતું હોય છે. તો કેટલાક ભક્તો દ્વારા આ પાયણાની દોરી જ ફૂલોની બનાવી અને ભગવાનને પારણે ઝુલાવતા હોય છે.

ભજન મંડળીઓ દ્વારા ભજન કીર્તન અને કેટલાક સ્થાનો પર કૃષ્ણ જન્મોત્સવની કેસેટો સાંભળવા માટે મુકવામાં આવે છે, કથા પણ મુકતા જોવા મળ્યા છે.

શહેરમાં એક અંદાજ મુજબ ૧૫૦૦થી પણ વધુ આવાસોમાં કૃષ્ણ જન્મોત્સવની ઉજવણી થતી હોય છે. પાયણુ હલાવી માખણ અને પંજરીનો પ્રસાદ પણ વિતરણ થતો હોય છે. પંજરીના પ્રસાદનું પણ મહત્વ છે. તે ખાવાથી શરદી, કફમાં રાહત થતી હોય છે. શહેરીજનો બજારમાંથી રાધા-કૃષ્ણની સુંદર મૂર્તિઓની ખરીદી કરી રહ્યા છે.

મૂર્તિકારો દ્વારા ભગવાનની બેનમૂન મૂર્તિઓ તૈયાર કરવામાં આવી છે. જેમાં રંગબેરંગી પેઈન્ટ કલરનો ઉપયોગ કરીને રાધા-કૃષ્ણજીની મૂર્તિઓ બનાવીને વેચાણ માટે મુકવામાં આવી છે. શ્રાવણ માસમાં પર્વોની ખૂબ બોલબાલા છે. જેમાં વેપારીઓને આર્થિક રીતે વ્યવસાયમાં તેજીનો અનુભવ થયો છે. કોરોનામાં વેપારીઓનો વ્યવસાય સંપૂર્ણ ડૂબી રહ્યો હતો તે આ વર્ષે શ્રાવણ માસમાં સળંગ આવતા પર્વોના કારણે સદ્ધર થયો છે. તેથી વેપારીઓમાં આનંદની લાગણી છવાઈ છે અને બજારોમાં ગ્રાહકોની પણ ભીડ વર્તાઈ રહી છે. તેથી બજારોમાં પણ પર્વોનો આનંદ જોવા મળી રહ્યો છે.

## ભાઈજીપુરા શ્રી-રંગ હાઈટ્સ ખાતે પ્લાયવુડના ગોડાઉનમાં જુગાર રમતા ૯ વેપારી ઝડપાયા

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર-કોબા માર્ગ પર ભાઈજીપુરા ચોકડી પાસે શ્રી રંગ હાઈટ્સ કોમ્પ્લેક્ષમાં દુકાનનું શટર બંધ કરી કુંડાળુ વળી જુગારની બાજી માંડીને બેઠેલા પ્લાયવુડના ૯ વેપારીઓને જુગાર રમતા ઝડપી પાડ્યા છે. પોલીસે જુગારીઓ પાસેથી ૮ મોબાઈલ ફોન, જુગારનું સાહિત્ય, રોકડ સહિત રૂ.૧.૩૫ લાખનો મુદ્દામાલ જપ્ત કરી જુગારધારા હેઠળ ગુનોં નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગરમાં શ્રાવણી જુગારની મૌસમ જામી છે. પોલીસ જુગારીઓ પર વોચ રાખી બેઠી છે. ત્યારે જુગારીઓ પણ પોલીસથી બચવા માટે અવનવા પૈંતરા રચી જુગારની બાજી માંડીને રમવા માટે થનગની રહ્યા છે. ત્યારે ઈન્ફોસીટી પોલીસ મથકના જવાનો રાત્રી પેટ્રોલીંગમાં નીકળ્યા હતા. તે દરમિયાન પોલીસને બાતમી મળી હતી કે ભાઈજીપુરા પાસેના શ્રી રંગ હાઈટ્સ કોમ્પ્લેક્ષ દુકાન નં.૧૦૫ માં નિર્મલ નરસિંહભાઈ પટેલ (રહે.સાર્થક હેવન-૪ ચાંદખેડા) બહારથી જુગારીઓ બોલાવી નાળ ઉઘરાવી દુકાનમાં જુગાર રમાડે છે. જયારે દુકાનનું શટર અંદરથી બંધ કરીને પ્લાયવુડના તેમજ ફર્નિચરના વેપારીઓ જુગાર રમી રહ્યા છે. જેને પગલે ઈન્ફોસીટી સર્વેલન્સની ટીમના જવાનો જુગારધામ પર ત્રાટકી હતી. પ્લાયવુડની દુકાન નીચે અને ઉપરના માળે ગોડાઉન હોવાની વિગત મળી હતી. જેથી પોલીસે દુકાનનું શટર ખખડાવતા જુગારી સમજીને અંદરથી નિર્મલ પટેલે શટર ખોલ્યું હતું. પરંતુ પોલીસ કર્મચારીઓને જોતા જ તેના હોશ ઉડી ગયા હતા. પોલીસે ગોડાઉનમાં જોતા કુંડાળુ વળી જુગાર રમી રહેલા જગદીશ રમેશભાઈ પટેલ (ઉં.૩૫ રહે.એ-૬૦૧ દેવકુંજ રેસીડેન્સી, મોટેરા), મિથુન કાંતિભાઈ પટેલ (ઉં.૩૩ રહે.૩૨ શારદા સોસાયટી કલોલ), ગૌરવ અશોકભાઈ પટેલ (ઉં.૨૪ રહે.ખાંટવાસ ગામ-થોળ તા.કડી),ભાવિન મનસુખ પટેલ (ઉં.૩૩ રહે.૨૪ નરનારાયણ સોસાયટી ઠક્કરબાપાનગર બાપુનગર), મનોજ નરસિંહભાઈ પટેલ (ઉં.૩૯ રહે, એ-૩૦૫ સ્થાપત્ય લેકવ્યુ ભાડજ ગામ), સંજય દામજીભાઈ ગોહિલ (ઉં.૪૯ રહે. ૫૦૪ તુલસી રેસીડેન્સી વાવોલ), કનૈયા જીવણભાઈ પટેલ (ઉં.૪૦ રહે.સી-૪૦૩ વૈષ્ણવી ગાર્ડન ફ્લેટ ખોરજ) અને અનિલ રામચંદ્ર પટેલ (ઉં.૩૮ રહે.કે-૭૦૫ વિવાન-૧૦૧ ઝુંડાલ) નો સમાવેશ થાય છે.પોલીસે ૯ જુગારીઓ પાસેથી રૂ.૧.૫ લાખથી વધુ કિંમતના ૮ મોબાઈલ ફોન, રૂ.૩૦ હજાર ૬૦૦ રોકડા, જુગાર સાહિત્ય મળી કુલ રૂ.૧.૩૫ લાખના મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



## સાદરા ગામે બાજી માડીને બેઠેલા ચાર જુગારી ઝડપાયા

ગાંધીનગર, તા.૧૭

ચિલોડા પોલીસે સાદરા ગામે મોટાવાસમાં ખુલ્લામાં જુગાર રમતા અમદાવાદના ભુલાભાઈ ચાર રસ્તા પાસે રહેતા ૪૨ વર્ષિય બબલુકુમાર જ્ઞાનચંદ અગ્રવાલ, ગામના જુના બસ સ્ટેન્ડ પાસે રહેતા ૩૫ વર્ષિય કનુજી તખાજી ચૌહાણ (જુના બસ સ્ટેન્ડની પાસે), સાદરા ટાવર પાસે રહેતા સમીર ઉસ્માનગની મેમણ, સાદરા ખાતે રહેતા ઈશ્વરલાલ દેવશભાઈ સોની (ઉં.૬૫ )ને પોલીસે પકડી પાડ્યા હતા. પોલીસે દાવ પરથી અને જુગારીઓને સ્થળ પરથી પકડી પાડ્યા હતા. પોલીસે એકટીવા, મોબાઈલ ફોન, રોકડ અને દાવ પરથી મળીને કુલ રૂ.૪૨,૫૪૦ નો મુદામાલ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે.

## ચિલોડાની જમીનનો દસ્તાવેજ કે પૈસા પરત નહી આપતા ત્રણ શખ્સો સામે ફરીયાદ

### એરફોર્સના સાર્જન્ટ સાથે છેતરપિંડી, રૂ.૧૧ લાખનો ચેક આપ્યા બાદ દસ્તાવેજ ન કરતા પૈસાની ઉઘરાણી કરતા રૂ.૨ લાખ પરત કર્યા હતા.

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર શહેરના ત્રણ ઠગબાજોએ ચિલોડા પાસે જમીન બતાવી એરફોર્સના સાર્જન્ટ જોડે રૂ.૫૫ લાખમાં ડીલ નક્કી કરી રૂ.૧૧ લાખ પડાવી લીધા હતા.ત્યારબાદ ટુકડે ટુકડે રૂ.૨ લાખ પરત કર્યા હતા. જયારે રૂ.૯ લાખની છેતરપિંડી આચરતા સેકટર-૨૧ પોલીસ મથકે ગુનો નોંધાયો છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ મુળ દિલ્હીના વતની રાજેશકુમાર સિંહ પાલજ ખાતે એરફોર્સમાં સાર્જન્ટ તરીકે ફરજ બજાવતા હતા. તે સમયે સામાજીક કાર્ય અને બાળકોના અભ્યાસ માટે શાળા ખોલવા માંગતા રાજેશકુમાર ગાંધીનગર આસપાસના વિસ્તારમાં જમીનની શોધખોળ કરતા હતા. તે સમયે લેકાવાડા ચોકડી પર તરુણસિંગ ઢાબાવાળાને વાત કરતા જમીન દલાલ મેહુલ કરમશીભાઈ દેસાઈ (રહે. સેકટર-૨૭ ગાયત્રીનગર સોસાયટી) સાથે ઓળખાણ કરાવી હતી. જેથી રાજેશકુમાર તેને મળવા માટે ગયા હતા. તે સમયે તેનો મિત્ર જયદિપસિંહ કરણસિંહ ચાવડા (પંચભાગ બિલોદરા) પણ હાજર હતો. ત્યારબાદ રાજેશકુમારને ચિલોડા ગામની સીમમાં સર્વે નં.૪૮૦ વાળી જમીન બતાવી હતી. જમીન પસંદ આવતા જમીન માલિક વિક્રમ હીરાભાઈ પટેલ સાથે બેઠક કરાવી રૂ.૫૫ લાખમાં સોદો નક્કી થયો હતો અને ટોકન રકમ પણ આપી દેવાઈ હતી. જયારે દશ દિવસ બાદ જમીનના કાગળો આપતા જમીનમાં તેમના ભત્રીજાનું નામ હતું. તે અંગે પુછતા વિક્રમભાઈએ ભત્રીજા જોડે વાત થઈ ગઈ હોવાનું જણાવ્યું હતું. સામાજીક કામઅર્થે દિલ્હી જવાનુ થતા તેઓ મેહુલ દેસાઈ અને જયદિપસિંહને મળ્યા હતા. તે સમયે વિક્રમે પૈસાની જરુરીયાત હોવાથી રૂ.૨૧ લાખની માંગ કરી હતી અને પરત આવો ત્યારે દસ્તાવેજ કરી આપવાની બાંહેધરી આપી હતી. જેથી રાજેશકુમારે રૂ.૧૧ લાખનો ચેક આપી દિલ્હી ગયા હતા. ત્યાથી પરત આવ્યા બાદ જમીનના દસ્તાવેજ અંગે વાત કરતા વિક્રમે ભત્રીજા બીજલને કહીને લખાણ કરી આપવાની વાત કરી હતી. ત્યારબાદ કોરના મહામારી આવતા થોડા સમય પછી દસ્તાવેજ કરી આપવાનું નક્કી થયું હતું. પરંતુ દસ્તાવેજ કરી આપવા માટે ગલ્લાતલ્લા કરતા હતા. રાજેશકુમાર વાંરવાર પૈસાની ઉઘરાણી કરતા રૂ ૨ લાખ પરત કર્યા હતા. જયારે બાકીના પૈસા માટે ત્રણેય જણા ખો આપતા સેકટર-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

## બેંક ઓફ ઈન્ડિયાની ગાંધીનગર ઝોનલ ઓફિસ ખાતે ધ્વજવદંન યોજાયું




ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગરમાં બેંક ઓફ ઈન્ડિયા ઝોનલ ઓફિસ દ્વારા ૭૬માં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી અંતર્ગત ઝોનલ મેનેજર મનીષકુમાર ફુલરે સહિત તમામ સ્ટાફ દ્વારા ધ્વજવંદન કરીને સલામી આપવામાં આવી હતી. બેંકના પ્રજ્ઞાચક્ષુ કર્મચારી નિલેશ સોલંકી અને તેમના સહયોગીઓએ દેશભક્તિના ગીતો સાથે આહલાદક વાતાવરણ સર્જ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન બેંક ઓફ ઈન્ડિયાના ગાંધીનગર ઝોનના સ્ટાફ ઓફિસર સંજય શ્રીવાસ્તવે કર્યું હતું. રાજભાષા વિભાગના રાજભાષા અધિકારી રૂમી દેશવાલે ગાંધીનગર ઝોનના પ્રથમ ત્રિમાસિક સામયિક 'રણ તારા'નું વિમોચન ઝોનલ મેનેજર અને ડેપ્યુટી ઝોનલ મેનેજર દ્વારા કર્યું હતું. આ પ્રસંગે બાળકો માટે ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં તમામ સ્ટાફ સભ્યોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. ઝોનલ મેનેજર મનીષકુમાર ફુલરે અને ડેપ્યુટી ઝોનલ મેનેજર બી. વી. ચાવડાએ બાળકોને ઈનામ આપીને પ્રોત્સાહિત કર્યા હતા.

## કુડાસણ પાસેથી રીઢો વાહનચોર ઝડપાયો, ૬ ગુનાના ભેદ ઉકેલાયા

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર શહેરમાં છેલ્લા કેટલાક સમયથી વાહનચોરીની બુમ ઉઠવા પામી છે. નગરમાંથી સમયાંતરે વાહનોની ચોરી થાય છે. ઘર પાસે પાર્ક કરેલા વાહનો પણ સલામત રહ્યા નથી તેવી સ્થિતિ સર્જાઈ છે. ત્યારે ઈન્ફોસીટી પોલીસે બાતમીને પગલે રીલાયન્સ ચોકડી થી કુડાસણ તરફના માર્ગ પરથી રીઢા વાહનચોરને ઝડપી પાડી ૬ વાહનચોરીનો ભેદ ઉકેલાઈ ગયો છે. ત્યારે કુડાસણ ખાતે ભાડે મકાન રાખીને પોતાના મિત્ર સાથે મળીને ત્રણ એકટીવા અને ત્રણ બાઈકની ચોરી કરનાર શખ્સ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ઈન્ફોસીટી પોલીસ મથકના જવાનો પેટ્રોલીગમા હતા તે સમયે તેઓને બાતમી મળી હતી કે રીલાયન્સ સર્કલ થી કુડાસણ ગામ તરફ જતા માર્ગ ઉફરથી ૨૬ વર્ષના પ્રમોદ ઉર્ફે છોટુ સુભાષભાઈ કનોજીયાને એકટીવા સાથે પકડી પાડ્યો હતો. પોલીસે તેની પુછપરછ કરતા તેણે આ એકટીવા તેના મિત્ર રાજુ ઉર્ફે કકુતીયો વિષ્ણુભાઈ દંતાણી (કુડાસણ દંતાણી વાસ) સાથે મળીને ચોરી કરી છે. મુળ ઉતરપ્રદેશનો વતની પ્રમોદ કુડાસણ ખાતે ભાડાની ઓરડીમાં રહે છે અને વાહનચોરીના ગુનાને અંજામ આપે છે. પોલીસને વધુ વાહનચોરીના ગુના આચર્યા હોવાની શંકાને પગલે આગવી ઢબે પુછપરછ કરતા પ્રમોદ કનોજીયાએ પાંચ વાહનચોરના ગુનાની કબુલાત કરી હતી.ઈન્ફોસીટી વિસ્તારમાંથી ૪, સેકટર-૭ અને અડાલજ વિસ્તારમાંથી એક એક વાહનચોરીને અંજામ આપ્યો છે. પોલીસે વાહનચોરને પકડી પાડી કુલ ૬ વાહનચોરીના ભેદ ઉકેલાઈ ગયા છે. પોલીસે વાહનો કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.




ઝીલુભા ધાંધલના અથાહ પ્રયાસથી ઈન્ડિયન રેડક્રોસ ગાંધીનગર તરફથી સ્પેશ્યલ ડિઝાઈન્ડ થયેલી ફૂલી ઈક્વિપડ વેક્સીન વાનનું પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય, શિવશક્તિ ભવન સેક્ટર. ૨૮, ગાંધીનગર ખાતે સંચાલિકા રાજયોગીની કૈલાશ દીદીજી એ કંકુ, અબીલ, ગુલાલ, ચોખા, ઈશ્વરીય વરદાન અને દિલની શુભ ભાવના શુભ કામનાઓ સંપન્ન દુઆઓથી ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. તેમણ જણાવ્યું હતું કે આ વાનમાં બેસનાર વ્યક્તિ ભલે રોતા રોતા બેસશે પણ હસતાં હસતાં ઉતરશે.

## ઇફ્કો ખાતે નાટક "લાગ્યો કસુંબીનો રંગ" ભજવાયું



ગાંધીનગર, તા.૧૭

આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણીના ભાગરૂપે ઈફકો કલોલ યુનિટ ખાતે તાજેતરમાં દેશભક્તિ અને રાષ્ટ્રપ્રેમ ઉપર આધારિત સ્વાતંત્ર્ય સંગ્રામના બાહોશ ક્રાંતિવીરો ભગતસિંહ, સુખદેવ અને રાજગુરુ ઉપર આધારિત ગુજરાત ગૌરવ પુરસ્કૃત નાટ્યકાર અપ્સર સૈયદ દ્વારા લિખિત દિગ્દર્શિત તથા તેમના ગ્રુપ દ્વારા મંચિત નાટક "લાગ્યો કસુંબીનો રંગ" રજૂ કરવામાં આવ્યું હતું. આ નાટકમાં ગાંધીનગરના કલાકારો શ્રેય મારડિયા, યોગેશ રાઠી, ઉરેન અલમૌલા, હસમુખ મેકવાન, ભીખુભાઈ પંચાલ, દિવ્યકાન્ત વર્મા, મેહુલ કવિ, યશ ભાવનાની, હિરેન ચાવડા, ઋતુરાજ રોય, મિત દરજી, મિહિર ભાવસાર, રાકેશ વણજારાએ અભિનયના ઓજસ પાથર્યા હતા.

## કુડાસણ એચીવર સ્કૂલમાં આનંદનો ગરબો યોજાયો



ગાંધીનગર, તા. ૧૭

મા મેલડી મંડળ સે. ૩-સી દુર્ગા મહિલા ભજન મંડળ અને કુડાસણ રાધે મહિલા ભજન મંડળ આયોજીત આનંદનો ગરબો, ભજનો નેહાબેન પ્રજ્ઞેશભાઈ પટેલ દ્વારા આનંદ ઉત્સાહથી માતાજીને તેડાવ્યા હતા અને કૃષ્ણ ભગવાનને તેડાવ્યા હતા. સૌ ભક્તજનોએ શ્રાવણ માસના સોમવારના દિવસે કુડાસણ એચીવર સ્કૂલમાં સૌ મહિલાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને માતાજીના ગુણલા ગાયા હતા. કૃષ્ણ ભગવાનના ભજનો તન મન ધનથી ભક્તિમય બનેલી બહેનો ભક્તિમા તલ્લીન થઈને નાચી કુદીને બધાને આનંદ આનંદ થઈ ગયો હતો. વાવોલથી રાંદલમાં પધાર્યા હતા. જયશ્રીબેન પ્રજાપતિ તેઓ રાંદલમાના ઉપાસક છે, તેમને બધી બહેનો ભક્તિમય ભજનો ગાઈને તરબોળ કરી દીધા હતા.

## એસજેપીઆઇ - એમબીએ કૉલેજ ખાતે સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી



ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર ના ચ-૦ સર્કલ નજીક આવેલ શ્રી જયરામભાઈ પટેલ બિઝનેસ મેનેજમેન્ટ ઈન્સ્ટીટ્યૂટ ખાતે સ્વાતંત્ર્ય દિવસની ઉસ્તાહભેર ઉજવણી કરાઈ હતી. કાર્યક્રમમાં સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી જયપ્રકાશભાઈ પટેલના હસ્તે તિરંગો ફરકાવાયો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે સંકુલની પોતાની હોસ્ટેલમાં રહેતા ભારતભરના વિવિધ પ્રાંતોના અનેક વિદ્યાર્થીઓ સહિત સ્ટાફે તિરંગાને સલામી આપી હતી. ધ્વજવંદન બાદ અને મેનેજમેન્ટ વિભાગના વડા પ્રો. ડૉ. હરિશ્ચંદ્રસિંહ રાઠોડે સૌનો દેશપ્રેમનો જુસ્સો વધારતા વક્તવ્ય દ્વારા સૌના મન જીતી લીધા હતા. આ સાથે જ 'રાષ્ટ્રીય સમર સ્મારક'ની એક ડોક્યૂમેન્ટ્રી થકી ભારત દેશના વીર જવાનોની અણમોલ બલિદાનની ઝાંખી યાદ કરતા દેશના વીર જવાનોને સ્મરણાંજલી અર્પી હતી. આ પ્રસંગે શહેરના યુવા હાસ્યકાર હરપાલસિંહ ઝાલાએ દેશભક્તિ,દેશદાઝ અને હળવી હાસ્યરસની માર્મિક વાતો થકી વિદ્યાર્થીઓને પ્રફુલ્લિત કર્યા હતા.

## પેથાપુર-રાંધેજા માર્ગ પર આકોલ વિસ્તારમાંથી ૪ જુગારી ઝડપાયો

ગાંધીનગર, તા.૧૭

પેથાપુર-રાંધેજા રોડ ઉપર આકોલ વિસ્તારમાં ભલાજી ઠાકોરના ઘર પાછળ ખુલ્લી જગ્યામાં બાજી માંડીને બેઠેલા ચાર જુગારીઓને રૂ.૩૦ હજારના મુદ્દામાલ સાથે પકડી પાડી જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ પેથાપુર પોલીસ મથકના જવાનો પેટ્રોલીંગમા હતા તે દરમિયાન બાતમી મળી હતી કે આકોલ વિસ્તારમાં રહેતા ભલાજી ઠાકોરના ઘર પાછળ ખુલ્લી જગ્યામાં જુગાર રમાય છે. જેથી પોલીસે સ્થળ પર જઈ રેઈડ પાડીને કુંડાળુ વળીને જુગાર રમી રહેલા અરવિંદજી રમેશજી ઠાકોર (ઉં.૨૭, રહે.આકોલ પેથાપુર),ખોડાભાઈ વેણીભાઈ પટેલ (ઉં.૬૦, રહે. મકાન નં.૪૫, પાર્થ સોસાયટી, ગામ-પેથાપુર), અજયસિંહ ભીખુસિંહ ડાભી (ઉં.૨૫ મોદી સમાજવાડી પાછળ ગામ પેથાપુર), રાહુલસિંહ ગણાજી ડાભી (ઉં.૧૮, રહે. આકોલ ત્રણ જોડીયા ગામ પેથાપુર),ને પકડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસે દાવ પરથી અને જુગારીઓની અંગજડતી દરમિયાન રૂ.૩૦ હજારનો મુદ્દામાલ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે.